# ગાંધીના ગુજરાતમાં ભલભલા તોફાનો શાંત થઈ જાય છે : મોદી

ઓખી વાવાઝોડું ગુજરાત પર ત્રાટકવાની આશંકા હેઠળ મંગળવારે અનેક ચૂંટણી કાર્યક્રમો રદ્દ કરવામાં આવ્યા હતા, જો કે હવે આ જોખમ ટળી જતાં ફરી એકવાર પૂર જોષમાં ચૂંટણી પ્રચાર કાર્યક્રમો શરૂ થઈ ગયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે ફરી ગુજરાતની મુલાકાતે છે અને તેઓ ધંધુકા, દાહોદ તથા નેત્રંગની મુલાકાત લેનાર છે. તેઓ સુરતમાં પણ સભા કરનાર હતા, પરંતુ ખરાબ વાતાવરણ અને સુરક્ષા દળો નિરીક્ષણ કાર્યમાં વ્યસ્ત હોવાને કારણે સુરતની સભા ગુરૂવારે રાખવામાં આવી છે.

નરેન્દ્ર મોદીએ અહીં કહ્યું હતું કે, 'અહીં ધંધૂકામાં મને બધાએ કહ્યું કે, સવારે વહેલા આવશો નહીં, પાણી ભરવામાં બધા વ્યસ્ત હોય. કરવું હોય તો રાત્રિનો કાર્યક્રમ રાખજો. પહેલા એવું હતું, ધંધૂકામાં રાત્રે રોકાવાનું, ઓળો ખાવાનો અને મજા કરવાની. આજે બાબાસાહેબ આંબેડકરની મહાપરિનિર્વાણની તિથિ છે. આજે સવારે જ સંસદ ભવનમાં બાબાસાહેબને શ્રદ્ધાંજલિ આપી ગુજરાત આવવા નીકળ્યો અને સૌથી પહેલાં ધંધૂકામાં આવ્યો. ઠંડીનો ચમકારો, સૂસવાટા મારતો પવન અને છતાં આટલી મોટી વિરાટ મેદની હોય તો કહેવું શું. ભૂતકાળ જેટલો પ્રવાસ આ ચૂંટણીમાં નથી કરી શકતો, જ્યાં પહોંચી નથી શકતો એમની ક્ષમા માંગુ છું. જ્યાં પણ ગયો છું, ત્યાં લોકોએ અંગત તકલીફો બાજુએ મૂકી સૌએ મારું સ્વાગત કર્યું છે. બહુ ઓછાને ખબર હશે કે, આ દેશમાં બાબાસાહેબ હતા જેમણે ભારતમાં પાણીનું સામર્થ્ય, સિંચાઈ યોજનાનો પ્રારંભ કર્યો હતો. ભારતની પોતાની રિઝર્વ બેંકનો વિચાર પણ બાબાસાહેબે જ કર્યો હતો. એક પરિવારનું ભલું કરવા માટે ભારતમાં સતત ષડયંત્રો ચાલી રહ્યા હતા, માત્ર સરદાર જ નહીં, બાબાસાહેબ જેવા મહાન વ્યક્તિ સાથે પણ એવો જ અન્યાય થયો.' 'કોંગ્રેસનું એકચક્રી શાસન હતું અને પંડિત નેહરુની બોલબાલા હતી, બાબાસેહબ વિદ્વાન વ્યક્તિ હતા, એમને બંધારણ સભામાં જીતવા માટે છેક બંગાળ જવું પડ્યું. ત્યારે બાબાસાહેબ બંધારણ સભામાં આવી શક્યા. જ્યાં સુધી દેશમાં કોંગ્રેસનો વાવટો ફરકતો રહ્યો ત્યાં સુધી બાબાસાહેબને સન્માન આપવામાં ન આવ્યું. દિકરીને બંદૂકે દેજો, પણ ધંધુકે ન દેતા. કારણ અહીં પાણીના વલખા મારવા પડતા હતા. રાણપુરમાં ચેકડેમ બનાવ્યા, તો છાપામાં સમાચાર આવ્યા હતા કે, એ ડેમમાં કેટલું બધું પાણી હતું એ



અંગે સમાચાર આવ્યા હતા. અમારી સતત કોશિશ છે, જૂની સમસ્યાઓનું સમાધાન કરવું અને નવાનું નિર્માણ કરતા જવું. આખા ગુજરાતમાં પાણી માટે સંકલ્પ આદર્યો. ગુજરાતને જે ટાઢક જે મળી છે, એ ચૂંટણી માટે નથી. વિકાસના પાયામાં મૂળભૂત સમસ્યા હોય, તેના સમાધાનને વરેલા છીએ. રાજકારણ કરવું હોત હેન્ડ પંપ લગાવીને બેસી રહ્યા હોત. અમારી સરકારે માત્ર પાણી પહોંચાડ્યું એટલું જ નહીં પણ ટેક્રરોના નામે ચાલતો ભ્રષ્ટાચારનો કાળો કારોબાર બંધ કરી દીધો. પહેલાની સરકારમાં પાણી વેચી-વેચીને કરોડપતિ થઈ ગયેલા લોકોને મોદી તો ખૂંચે જ. ૧૫-૧૭ વર્ષના કોઈ છોકરાને કરફ્યૂ શું એ ખબર નથી. તમારી પાસે પૈસા હોય, બંગલો હોય, ચાર બંગડીવાળી ગાડી હોય, પરંતુ સલામતી ન હોય તો ન ચાલે. ભાજપ આવ્યા પછી સલામતી આવી.'

'પહેલા લોકો કહેતા વીજળી લંગડી છે, આજના લોકોએ વર્ષો પહેલાં લોકો પાસે આ શબ્દો સાંભળ્યો હશે. પહેલા રોજ સાંજ પડે વીજળીના વાંધા હતા, આજે એવું નથી. ધંધુકે ન દેજો, વીજળી લંગડી જેવા વાક્યો ભુલાઈ ગયા છે. આ માટે અમે કાળી મજૂરી કરી છે, ગુજરાતની પાઈ-પાઈનો બચાવ કરી એ પૈસા ગુજરાતના પરિવર્તન માટે વાપર્યા છે. ૬૦ વર્ષમાં થયેલા કામ કરતાં ત્રણ ગણું કામ અમે કર્યું છે. હું સીએમ તરીકે ચૂંટાયો, ત્યારે રહેવા માટે ઘર નહોતું. આપણે તો ફક્કર ગિરધારી. હજુ સોગંદવિધિને બે-ત્રણ દિવસો બાકી હતા. બધા મને એક જ વાત કહે કે, તમે એક કામ કરજો, સાંજે વાળુ કરીએ ત્યારે વીજળી કરતા હોય એવું કરજો. આજે ગુજરાતમાં ૨૪ કલાક વીજળી છે. વિજય રૂપાણી, આનંદીબેન પટેલ, ગુજરાત ભાજપને ધન્યવાદ આપું છું હું આ વાત માટે. અમે એક બીજું કામ કરી રહ્યાં છીએ, સોલાર પંપ. મોટા પાયે ભારત સરકાર નાના-મોટા સોલાર પંપનું નિર્માણ કરી રહી છે, ખેતરે-ખેતરે સોલાર પંપ હોય તો વીજળીનું બિલ જ નહીં. ખેડૂતો માટે સોલાર પંપનું કામ પૂર જોષમાં દિલ્હીની સરકાર અને રાજ્ય સરકારે ઉપાડ્યું છે. ખેડૂતો માટે વ્યાજ પણ ઝીરો, વીજળી પણ ઝીરો.' 'ટ્રિપલ તલાકનો મામલે રાજીવ ગાંધીના જમાનાથી લટકેલો મામલો હતો, એ મામલે જ્યારે ચૂકાદાની વાત આવી ત્યારે ઉત્તરપ્રદેશની ચૂંટણી આવવાની હતી.

પીએમ મોદીએ કહ્યું કે, કાલે કપિલ સિબ્બલે કોર્ટમાં જઈને ભાંગરો વાટ્યો. મારે સુન્ની વકફ બોર્ડને અભિનંદન આપવા છે. તેમને નિવેદન કર્યું છે કે, કપિલ સિબ્બલે કોર્ટમાં જઈને જે કર્યું તે ખોટું કર્યું. અમે ઈચ્છીએ છીએ આનો ન્યાય આવે અને તેનું સમાધાન થાય. આજે બધા મળીને રામમંદિર માટે રસ્તો કાઢવા નીકળ્યા છે, તો કોંગ્રેસ હવનમાં હાડકા નાખવાનું કામ કરે છે. સમાધાનમાં રોડા નાખે છે. પંરતુ આ દેશ એકતાથી જ ચાલવાનો છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હું કાંઈ નહી કહું... પુછો આ ગુરૂજીને... ગુરૂજીની પ્રગતિ મારે કારણે થઈ છે... અને એ મારી પ્રગતિ માટે તમને કહેવાના છે...!!

## વડાપ્રધાનની સુરક્ષા માટે કલોલમાં લોખંડી પોલીસ બંદોબસ્ત

કલોલ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મહાસભાનું આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારે વડાપ્રધાનની સુરક્ષા વ્યવસ્થા માટે પોલીસતંત્ર દ્વારા લોખંડી પોલીસ બંદોબસ્તની સ્કીમ તૈયાર કરી દેવામાં આવી છે. કલોલ ખાતે એસપીની સુપરવિઝન હેઠળ બે ડીવાયએસપી, ૧૦ પીઆઈ, ૩૫ પીએસઆઈ, ૪૦૦ પોલીસ, ૧૫૦ મહિલા, ૧૦૦ ટ્રાફીક પોલીસ અને એક કંપની એસઆરપી ઉપરાંત ક્વીક રીસ્પોન્સ ટીમ તૈનાત રાખવામાં આવનાર હોવાનું જાણવા મળ્યુ છે.

## દેશમાં નોટબંધી અને જી.એસ.ટી.ના મામલે નિમ્નકક્ષાની રાજનીતી : સંબિત પાત્રા

### સે-૧૭ સ્થિત એકઝીબીશન સેન્ટર ખાતે વિશ્વના સૌથી મોટો ટ્રેડ શો ખુલ્લો મુકાયો

### પાંચ દિવસમાં ૭૫ હજાર મુલાકાતીઓ આવશે : ૫૦૦ કંપનીઓએ ભાગ લીધો

ગાંધીનગર તા ૬

દેશમાં ભ્રામક રાજનિતી થઈ રહી છે એ દુખની વાત છે. દેશનુ નામ વિશ્વમાં આગળ વધી રહયુ છે. ત્યારે બધાએ એક થવુ જોઈએ. ૧૩ વર્ષના વનવાસ બાદ નરેન્દ્ર મોદીએ ભારતના રેટીંગને સુધાર્યુ છે. નોટબંધી અને જી એસ ટી પર નિમ્નકક્ષાની રાજનીતી થાય છે. મેરા ભારત મહાન માત્ર ટી વી ડીબેટથી ન થાય તેવા વિચારો વ્યકત કરતા ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રવકતા સંબિત પાત્રાએ આજે ગાંધીનગરમાં ભારતના સૌથી મોટા એન્જિનિયરીંગ ટ્રેડ શો નુ ઉદઘાટન કર્યુ હતુ.

સે-૧૭ સ્થિત એકઝીબીશન સેન્ટર ખાતે યોજાયેલા દેશના સૌથી મોટા એન્જિનિયરીંગ અને ટેકનિકલ ટ્રેડ શોના ઉદઘાટન પ્રસંગે ભાજપના રાષ્ટ્રીય પ્રવકતા સંબિત પાત્રાએ જણાંવ્યુ હતુ કે માત્ર વેપાર ધંધામાં જ નહીં. પરંતુ તમામ ક્ષેત્રે ભારત વર્ષ આગળ વધી રહયુ છે. ત્યારે સરકારના પ્રયાસો પ્રસંશાને પાત્ર છે.વિકાસની કહાની ગુજરાતમાંથી જ શરૂ થઈ હતી. મેક ઈન ઈન્ડિયાને આગળ પ્રોત્સાહીત કરવા પ્રયાસ થઈ રહયો છે. દેશમાં ભ્રામક રાજનીતી થઈ રહી છે. દેશનુ નામ વિશ્વમાં આગળ વધી રહયુ છે. આ બધા મામલે રાજનીતી ન થવી જોઈએ. ભારતનુ રેટીંગ સુધર્યુ છે. રોકાણકારોને પણ પ્રોત્સાહીત કર્યા છે. ત્યારે નોટબંધી અને જી એસ ટી ના મુદ્દે નિમ્નકક્ષાની રાજનીતી થાય છે. ત્યારે રાજકીય બદીઓ દુર કરવા , સુધારણા અને બદલાવના મંત્રને અપનાવવો અનિવાર્ય છે. ગાંધીનગરમાં આજે એન્જિનિયરીંગ ટ્રેડશો નુ ઉદઘાટન પણ તેમણે કર્યુ હતુ. ટ્રેડ શો અંગે માહીતી આપતા કે એન્ડ ડી ના મેનેજીંગ ડીરેકટર કમલેશ ગોહીલે જણાંવ્યુ હતુ કે આગામી પાંચ દિવસમાં ૭૫ હજાર મુલાકાતીઓ આવશે. જેમાં ૧૦ હજાર વિદ્યાર્થીઓ પણ સામેલ થશે. વિદ્યાર્થીઓ એન્જિનિયરીંગ એકસ્પોને નિહાળી શકે તે માટે બપોરે ૨ થી ૪ કલાક સુધીનો ખાસ સમય પણ નક્કી કરવામાં આવ્યો છે. આ ટ્રેડ શો માં ૫૦૦ કંપનીઓએ ભાગ લીધો છે. ગુરુવારે ઈન્ડસ્ટ્રીયલ કમિશ્નર મમતા વર્મા ટેકનોલોજીના ટ્રેડ શો ને પણ ખુલ્લુ મુકશે.



**ચૂંટણી પંચ સમક્ષ ઉગ્ર રજૂઆત :** નિષ્પક્ષ ચૂંટણી માટે રાજ્ય સરકારના એક આઈ.એ.એસ. અધિકારી અને બે આઈ.પી.એસ. અધિકારીની તાત્કાલિક બદલી કરાવવા કોંગ્રેસનું ઉચ્ચ કક્ષાનું પ્રતિનિધિ મંડળ રાજ્યના મુખ્ય ચૂંટણી કમિશનરને મળ્યું હતું. પ્રદેશ કોંગ્રેસના મહામંત્રીઓ દિપકભાઈ બાબરીયા અને નિશિથભાઈ વ્યાસના નેતૃત્વમાં કોંગ્રેસે ત્રણે અધિકારીઓ સામે તાકિદે પગલાં લેવા રજૂઆત કરી હતી. આ ઉપરાંત રાવપુરા વિધાનસભા બેઠકના કેટલાક બેઠકોના ઈવીએમ ચકાસ્યા સિવાય સીલ કરાયાની ફરિયાદ પણ કોંગ્રેસ દ્વારા કરાઈ હતી.






ચૂંટણીના દિવસો જેમ વધુ નજીક આવતા જાય છે તેમ તેમ રાજકીય પક્ષોના ઉમેદવારોનો પ્રચાર પડઘમ તેજ કરી દેવામાં આવે છે ત્યારે જુના સેકટરોમાં પ્રચાર પૂર્ણ કર્યા બાદ જન વિકલ્પ મોરચાના ઉમેદવાર કરણસિંહ વાઘેલાએ પોતાના કાર્યકરો સાથે ઉનાવા ગામમાં ડોર ટુ ડોર પ્રચાર કર્યો હતો. ઉનાવા ખાતે આવેલ પ્રસિધ્ધ ગોગા મહારાજના મંદિરે દર્શન કરી કરણસિંહ વાઘેલાએ ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે પ્રચારમાં તેઓની સાથે જનવિકલ્પના આગેવાનો, હોદેદારો તેમજ કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## ગાંધીનગર દક્ષિણ બેઠક પર ગોવિંદજીનો ડોર ટુ ડોર પ્રચાર તેજ

ગાંધીનગર, તા. ૬

સમગ્ર ગુજરાતમાં રાજકીય ચૂંટણી પ્રચારનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. બીજા તબક્કાની ચૂંટણીના ઉમેદવારો દ્વારા ભાજપ તથા કોંગ્રેસ તથા બહુજન સમાજ પાર્ટીના ઉમેદવારો, જન વિકલ્પ સહિતની પાર્ટીના સમર્થકો, ટેકેદારો પુરજોશમાં પ્રચાર-પ્રસાર શરૂ કરી દીધો છે. ત્યારે ઓખી વાવાઝોડાની અસર પ્રચારમાં અવરોધરૂપ બની છે.

ઠંડીના સુસવાટા મારતા પવનો વચ્ચે રાજકીય પક્ષો માટે સમય ઓછો અને વેશ જાજા જેવો ઘાટ સર્જાયો છે. ત્યારે ગાંધીનગર દક્ષિણ વિધાનસભાની બેઠક પર ચિલોડા ખાતે બં પક્ષના કાર્યાલયોનું ઉદ્‌ઘાટન થયા બાદ વાતાવરણના બદલાવ બાદ મંદ પ્રવાહરૂપે પ્રચાર ચાલી રહ્યો છે. રાજકીય પક્ષો ભાજપ તથા કોંગ્રેસ બંને પક્ષો ડોર ટુ ડોર લોકસંપર્ક કરવા પ્રયાસ આદરી રહ્યા છે. ગાંધીનગર બેઠકમાં ૧૦ ઉમેદવારો નોંધાવ્યા બાદ ભાજપ તથા કોંગ્રેસ એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. વરસાદી વાતાવરણના માહોલ વચ્ચે ઉમેદવારોના સમર્થકો ગામોમાં મોટી સંખ્યામાં ડોર ટુ ડોર લોક સંપર્ક કરતાં સારો આવકાર મળી રહ્યો છે.



કાર્યકરોએ ગામડાઓમાં પ્રચાર શરૂ કર્યો છે. બીજી બાજુ કોંગ્રેસના દક્ષિણ વિધાનસભાના બેઠકના યુવા ઉમેદવાર ગોવિંદજી હીરાજી સોલંકી જિલ્લા કોંગ્રેસ સમિતિના અગ્રણી સહિત પ્રાંતિયા, શાહપુર, પાલજ, લીંબડીયા, કરાઈ, નભોઈ, અમિયાપુર, નવાપુરા, લવારપુર, ભાટ, કોબા વગેરે

જ્યારે ડભોડા વિસ્તારના બુટાકીયા પ્રાંતિયા ગામે વતન ખાતે ગોવિંદજી સોલંકીને ઢોલ નગારા સાથે ઘોડા પર સવારી કરી પ્રચાર કરતાં સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સમગ્ર સમાજનો સારો આવકાર મળતા તમામ ઉમેદવારોની નજર ગામડાઓના મતદારો તરફ મડાઈ છે.

## મોદી આજે સુરતમાં વિકાસ રેલી કરવા માટે પૂર્ણ સજ્જ

### ચૂંટણી પ્રચાર સમાપન પ્રસંગે સુરતમાં ઐતિહાસિક માનવ મહેરામણ ઉમટી પડશે

અમદાવાદ, તા.૬

ભાજપના પ્રદેશ પ્રવક્તા જગદીશ ભાવસારે આજે કહ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે સાતમી ડિસેમ્બરના દિવસે આર્થિકનગર સુરતમાં ગુજરાત વિકાસ રેલીને સંબોધન કરશે.



સુરત મહાનગરમાં નિલગીરી ગ્રાઉન્ડ લિંબાયત ખાતે બપોરે એક વાગે ગુજરાત વિકાસ રેલી, નવમી ડિસેમ્બરના રોજ પ્રથમ તબક્કાની ૮૯ બેઠકોની યોજાનારી ચૂંટણીના પ્રચાર અભિયાનની મહત્વપૂર્ણ રેલી રહેશે. પ્રથમ તબક્કાના પ્રચાર પડઘમ સાંજે પાંચ વાગે પૂર્ણ થશે. ભાવસારે સુરત ખાતે યોજાનારી રેલીના સંદર્ભમાં વાત કરતા કહ્યું હતું કે, આ રેલીમાં ઐતિહાસિક માનવ મહેરામણ ઉમટી પડશે અને ભાજપના વિજય રથને આગળ ધપાવવા સંકલ્પબદ્ધ થશે. તેમણે ઉમેર્યું હતું કે, પ્રથમ તબક્કાની ૮૯ બેઠક પર જીત મેળવવા માટે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના લોકોને મોદી અપીલ કરશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પણ ઝંઝાવતી પ્રચાર કરી રહ્યા છે. આવતીકાલે પણ ઝંઝાવતી પ્રચાર જારી રાખશે.

આવતીકાલે વિજય રૂપાણી, આનંદીબેન પટેલ, નરેશ કનોડિયા, સ્મૃતિ ઈરાની, સુષ્મા સ્વરાજ પણ ચૂંટણી પ્રચાર માટે મેદાનમાં ઉતરશે. મુખ્યમંત્રી વિજય રૂપાણી રાજકોટ, પાલનપુર, કઠલાલ, સુરેન્દ્રનગર જિલ્લામાં તથા સુરેન્દ્રનગરમાં ઝંઝાવતી પ્રચાર કરશે. આવતીકાલે પ્રથમ તબક્કાની ચૂંટણી માટે પ્રચારનો અંત આવશે. બીજા તબક્કાના ચૂંટણીને લઈને રાજકીય ગરમી પ્રવર્તી રહી છે.

## ૨૨ વર્ષોથી ચાલતા ભાજપના કાંડનો જનતા પર્દાફાશ કરશે

### જયોતિરાદિત્ય સિંધિયાના ભાજપ પર ચાબખા : કમળનું ફુલ, હમારી ભૂલના નારા લાગે છે, ભાજપે પ્રજાનો મત સમજી લેવો જોઇએ : અયોધ્યા મામલો સબજયુડીશ

અમદાવાદ, તા.૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ પ્રચારાર્થે આવેલા કોંગ્રેસના યુવા નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી જયોતિરાદિત્ય સિંધિયાએ આજે સુરત ખાતે ભાજપ પર સીધા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં બદલાવની જે હવા ફુંકાઈ રહી છે, તે સંકેત છે. હું ગુજરાતનો જમાઈ છું. વિશ્વની સૌથી મોટી શકિત હોય તો એ છે પ્રજા તંત્ર. છેલ્લા ૨૨ વર્ષોથી ગુજરાતમાં જે કૌભાંડો ચાલી રહ્યા છે, તેનો આ વખતે ગુજરાતની જનતા પર્દાફાશ કરશે. ગુજરાતની જનતા ભાજપને જાકારો આપી કોંગ્રેસની પોતાની સરકાર બનાવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં આજે ખેડૂતોની હાલત કફોડી અને દુઃખી છે. આજે વીજળી, પાણી અને ઉત્પાદનના ભાવો વધી ગયા છે પરંતુ ખેડૂતોને પોષણક્ષમ ભાવો કે ટેકોના પૂરતા અને યોગ્ય ભાવો મળતા નથી કે નથી પાક વીમાની રકમ મળતી. વડાપ્રધાન મોદીએ ખેડૂતોના ટેકાના ભાવ રૂ.૧૫૦૦થી ૨૦૦૦સુધી લઈ જવાની વાત કરી હતી પરંતુ તેનું પાલન થયું નથી. આના કરતાં કોંગ્રેસના શાસનમાં ખેડૂતોને રૂ.૧૩૦૦નો ભાવ ચૂકવાતો હતો. ખેડૂતોના શોષણ અને કૃષિવિરોધી નીતિને લઈ આજે ગુજરાતનો ખેડૂત આત્મહત્યા કરવા મજબૂર બન્યો છે. કોંગ્રેસના યુવા નેતા સિંધિયાએ વધુમાં ઉમેર્યું હતું કે, ગુજરાત મોડેલની વાત કરીએ તો, એ કોઈની અમાનત કે જાગીર નથી. એ જનતાની અમાનત છે. સુરતના હીરાઉદ્યોગમાં આજે ૫૦ હજારથી વધુ લોકો બેરોજગાર બન્યા છે, તો દેશભરમાં આજે લાખો યુવાનો બેરોજગારી સામે ઝઝુમી રહ્યા છે અને રોજગારી માટે તરસી રહ્યા છે. નોટબંધી, જીએસટી સહિતના



વિવાદીત નિર્ણયોને લઈ દેશની અર્થવ્યવસ્થા નષ્ટ થઈ અને રાષ્ટ્રનો જીડીપી ગ્રોથ રેટ ઘટી ગયો. ગુજરાતમાં પણ ભાજપના છેલ્લા ૨૨ વર્ષના કુશાસનથી પ્રજા કંટાળી ગઈ છે અને તેથી હવે આ વખતની ચૂંટણીમાં પ્રજા ભાજપને જાકારો આપશે. ભાજપથી કંટાળેલી જનતા નારા લગાવી રહી છે કે, કમળનું ફુલ, હમારી ભૂલ..ભાજપે પ્રજાના આ આક્રોશ પરથી જનમત સમજી લેવાની જરૂર છે. અયોધ્યા મામલે પૂછાયેલા એક પ્રશ્નના પ્રત્યુત્તરમાં કોંગ્રેસના યુવા નેતા જયોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું કે, અયોધ્યા મામલો સબજયુડીશ છે.



## ચરાડામાં ટીબી જાગૃતિ કાર્યક્રમ

ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ચરાડા ખાતેની કે.જે. હાઈસ્કૂલમાં ટીબી રોગ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા ક્ષય કેન્દ્રના મોનિકાબેન જોષી, મયંક મિત્તક, જયેશ ઓઝા, ઉપેન્દ્ર જગાંદણાએ ઉપસ્થિત રહી બાળકોને ટીબી રોગના લક્ષણો, નિદાન, સારવાર વગેરે અંગે સંપૂર્ણ અને સચોટ માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ૪૦૦થી વધુ બાળકોએ હાજરી આપી હતી જે તમામને કેન્દ્ર દ્વારા શુભેચ્છા ભેટ અપાઈ હતી. કાર્યક્રમના સમાપને બાળકોએ 'ચરાડા ગામ, ટીબી મુકત ગામ' સહિતના સુત્રો પોકાર્યા હતા.